# વેબસાઈટ સંપાદકીય ટીમ તરફથી...

પ્રિય જ્ઞાતિ પરિવાર જનો

સમય જતા ક્યાં વાર લાગે છે.. આ જુઓ, પહેલી વર્ષગાંઠ ને એક વરસ થઇ ગયું અને આ બીજી વર્ષગાંઠ પણ આવી ગઈ! હા, આ દશેરાએ આપણી જ્ઞાતિની વેબસાઈટે બે વરસ પુરા કર્યા. (MCCSOnline.com) વેબસાઈટના આ બીજા જન્મ દિવસે આપ સૌના સાથ-સહકાર માટે હ્રદયપૂર્વક ખરેખર આપ સૌનો ખુબ ખુબ આભાર..!

બે વરસ પહેલા જયારે આપણે આ પહેલ કરી હતી, ત્યારે આપણા મુખ્ય ઉદ્દેશ્યો હતા કે:

- મોઢ ચાતુર્વેદીય ચુંથા સમવાય જ્ઞાતિના એક જ્ઞાતિજન તરીકે તમે શિહોરમાં હો કે ભાવનગર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈ કે ભારતની બહાર દુનિયાભરમાં કોઈ પણ શહેર-ગામમાં હો, આ સ્થળ/સ્થાનના અંતરને દૂર કરીને આપણા તમામ જ્ઞાતિજનોને સાથે લાવવા.
- તમને આપણી માતૃભાષા ગુજરાતી વધારે ફાવતી હોય કે વિશ્વ-ભાષા અંગ્રેજી: આ ભાષાના ભેદને ભુલાવીને આપણા તમામ જ્ઞાતિજનોને સાથે લાવવા.
- તમે કોઈ સ્ટુડન્ટ હો, સિનિયર સીટીઝન હો કે તમારી ઉમર તે બેઉની વચ્ચે ક્યાંક ગમે તે હોય: આપણી ઉંમર/પેઢીના અંતરને દૂર કરીને આપણા તમામ જ્ઞાતિજનોને સાથે લાવવા.
- આપણી જ્ઞાતિના ભૂતકાળની, વર્તમાનની અને આવી રહેલી પેઢીના ભવિષ્યની તમામ મહત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી માટે એક સરળ, સહિયારું સાધન બનાવવું.

પાછું ફરી ને જોઈએ કે ગયા એક વર્ષ માં શું શું થયું તો ઘણા સરસ પરિવર્તનો દેખાય છે.

કોરોનાના કપરા કસોટી કાળને પાછળ મૂકી સહુ ફરી પાછા નોર્મલ થઈ ગયા અને સહુ મંડળો પોતપોતાની પ્રવૃતિઓમાં લાગી ગયા. ભાવનગરના વિદ્યાર્થીભવનમાં સરસ મજાનું સહુને ઉપયોગી થાય એવું નિર્માણકાર્ય તૈયાર થયું, ફરી વાર્ષિક દિવાળી-મિલનો શરુ થયા અને યુવાનોએ ક્રિકેટ ટુર્નામેન્ટ, રાસ-ગરબા, પીકનીક, ધાર્મિક પૂજા વગેરે કાર્યક્રમો યોજ્યા અને આમ સૌ જ્ઞાતિજનો ફરી વધુ નજીક આવ્યા.

આપણી વેબ સાઈટની વાત કરીયે તો: જ્ઞાતિજનો દ્વારા આપણી વેબસાઇટની કુલ મુલાકાતો ૧૦,૦૦૦ પહોંચવા આવી છે! જયારે વિચાર કરીએ કે આપણી જ્ઞાતિની કુલ વસ્તી જ અંદાજે ૧૨,૦૦૦-૧૫,૦૦૦ આસપાસ હશે, ત્યારે બે વરસમાં આ ૧૦,૦૦૦ જેટલી મુલાકાતોનો આંકડો ઘણો સારો કહેવાય. આ ઉપરાંત આપણી જ્ઞાતિના વિવિધ પરિવારોના આંબા (કૌટુંબિક વૃક્ષો); જુદા-જુદા શહેરો/મંડળોના પરિપત્રો અને ઓડિટેડ હિસાબો; ડાઉનલોડ વિભાગ હેઠળ આપણી લિંક કરેલા વિડીઓના હજારો વ્યૂઝ, લગ્ન, જનોઈ, સિમંત વગેરે જેવા આપણા શુભ પ્રસંગો માટે પરંપરાગત ગીતો, વિવિધ કારકિર્દી માર્ગદર્શન લેખો, આપણી જ જ્ઞાતિના યુવક-યુવતીઓના પોતાના સ્વ-અનુભવો, "શું તમે જાણો છો" વિભાગ હેઠળ ટૂંકી, સરળ, મુદ્દાસરની સમજણ - આવી મહત્વપૂર્ણ અને ઉપયોગી માહિતી બહુ સારી રીતે ગોઠવાઈ રહી છે.

આપણા તમામ જ્ઞાતિજનોને તથા આપણા પરિવારોને પરસ્પર જોડવા અને નજીક લાવવાની આ પહેલમાં અમે તમારા સમર્થન અને સક્રિય સહભાગિતાની રાહ જોઈ રહ્યા છીએ. તમે 'આ વેબસાઇટ વિશે' વિભાગ દ્વારા તમારા સૂચનો અથવા કોઈપણ પ્રશ્નો શેર કરી શકો છો અને અમે શક્ય તેટલી ઝડપથી જવાબ આપવાનો પ્રયાસ કરીશું.

આ નવી, લાંબી અને ફળદાયી યાત્રામાં ડગમગ ચાલતા થતા, અમે આપ સૌના આશીર્વાદ માંગીએ છીએ.

આપ સૌ ના આભાર અને શુભેચ્છાઓ સાથે
મોઢ ચાતુર્વેદિય ચુંથા સમવાય વેબસાઇટ ટીમ.

વિજયા દશમી, 24 Oct 2023